## મેલડી માતાની આરતી

જય મેલડી માતા, ૐ જય મેલડી માતા,

આરતી ગાતા તમારી, હૈયા હરખાતા...ૐ જય મેલડી માતા

લાખો દિવડા જળહળ બળતા, તેજ તણો નહીં પાર, મૈયા તેજ તણો નહીં પાર,

દિવ્ય અલૌકિક આભા, વિજળીનો ચમકાર...ૐ જય મેલડી માતા

મંગલકારી મુર્તિ તમારી, મંદિરમાં શોભે, મૈયા મંદિરમાં શોભે,

દર્શન કરવા તમારા, મન સૌનુ લોભે...ૐ જય મેલડી માતા

ઢોલ નગારા શરણાયુંને, ઝાલરનો ઝણકાર, મૈયા ઝાલરનો ઝણકાર,

મીઠા સૂર મોરલીના, કરતા એકાકાર...ૐ જય મેલડી માતા

અનેક રૂપે એક તમે છો, પરચા માઁ પુરનાર, મૈયા પરચા માઁ પુરનાર,

મહીમા તમારો મોટો, જગમાં જય જયકાર...ૐ જય મેલડી માતા

સચરાચરમાં વાસ કરો છો, માતા મમતાળી, મૈયા માતા મમતાળી,

સમરે વેલા આવો, કરવા રખવાળી...ૐ જય મેલડી માતા

ભવસાગરમાં ભટકેલાને, પલમાં માઁ તારે, મૈયા પલમાં માઁ તારે,

પાપી પાવન થાતા, માઁ તારા ધ્વારે...ૐ જય મેલડી માતા

Visit Website : https://www.PDFSeva.Net

આદી અનાદી માત તમે છો, વેદોમાં વખણાતાં, મૈયા વેદોમાં વખણાતાં,

દેવો,દાનવ,માનવ,ગુણ તારા ગાતા...ॐ જય મેલડી માતા

અમી ભરેલી આંખોથી,માઁ અમૃત વરસાવો, મૈયા અમૃત વરસાવો,

સુના પડેલા જીવનમાં ખુશીયો લહેરાવો...ॐ જય મેલડી માતા

ફોરમતા ફુલડાનો હું તો, ફુલગજરો લાવું, મૈયા ફુલગજરો લાવું,

હૈયાના હેતેથી માઁ તમને પહેરાવું...ॐ જય મેલડી માતા

શ્વાસે શ્વાસે સમરણ કરતો, અતુલ તમારો દાસ, મૈયા અતુલ તમારો દાસ,

ભક્તોને દર્શન આપો, પુરણ કરો માઁ આશ...ॐ જય મેલડી માતા

જય મેલડી માતા, ॐ જય મેલડી માતા,

આરતી ગાતા તમારી, હૈયા હરખાતા,

ॐ જય મેલડી માતા, ॐ જય મેલડી માતા

બોલીએ મેલડી માતકી જય...

Visit Website : https://www.PDFSeva.Net